પ્રાંતિજ ખાતે પોલીસ જવાનો પર પુષ્પોની વર્ષા કરી અભિવાદન કર્યું

ફેલગ માર્ચ દરમિયાન પ્રાંતિજ પોલીસ ઉપર પુષ્પ વર્ષા

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસના જવાનો ઉપર પુષ્પોની વર્ષા કરી

અભિવાદન કર્યુ ફેલગ માર્ગ દરમ્યાન પ્રાંતિજ પોલીસ ઉપર પુષ્પોની વર્ષા થઇ તો નગરજનોએ તાલાઓ પાડી પોલીસનું અભિવાદન પણ કર્યુ હતુ અને પ્રાંતિજ પોલીસની કામગીરીને જાહેરમાં બિરદાવી હતી.

પ્રાંતિજ ખાતે હાલ કોરોનાની મહામારી વચ્ચે પ્રજાની સેવા કરતા કર્મયોગીઓનુ પ્રાંતિજ નગરજનો દ્વારા અનોખું અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે ફેલગ માર્ચમાં નિકળેલ પ્રાંતિજ પોલીસનું નગરના વિવિધ વિસ્તારોમાં ફુલોની વર્ષા દ્વારા અનોખું અભિવાદન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજના નવાધરા, કડીયાવાસ, તપોધન ફડી, બારકોટ, પઠાનવાડા ગુજજરની પોળ, દેસાઈની પોળ, સોનીવાડા નાકા સહિતના હિન્દુ-મુસ્લીમ વિસ્તારોમાં પ્રાંતિજ પોલીસની ફેલગ માર્ચ દરમ્યાન પુષ્પો વર્ષા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું ત્યારે હાલમાં કોરોનાની મહામારી સામેની લડતમાં ૪૦ ડિગ્રી તાપમાનમાં પણ પોલીસ કર્મીઓ જાન જોખમમાં મુકીને લોકોની સેવા કરી ફરજ બજાવી રહ્યા છે. નગરજનો દ્વારા તેવોનુ અનોખું સન્માન કરવાનું નક્કી કર્યું હતું અને તાલીઓ પાડી સોશ્યલ ડિસ્ટન્સીંગ રાખીને પોલીસ કર્મચારીઓ ઉપર પુષ્પવર્ષા કરી હતી. મહત્વનુ છે કે પ્રાંતિજ સીટીમાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નોધાયો નથી, બહારના વ્યકિતને પ્રાંતિજમા પ્રવેશબંધી કરીને પોલીસે ખૂબજ સરાહનીય કામગીરી કરી સતર્કતા બતાવી હોય લોકો સ્વયંભૂ ઘરની બહાર નીકળી તેઓનું સન્માન કરી તેઓની કામગીરીને જાહેરમાં બિરદાવી હતી. પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત, પ્રાંતિજ પીએસાઇ બી.ડી. રાઠોડ, પ્રાંતિજ મહિલા પીએસાઇ પી.ડી.ચૌધરી દ્વારા નગરજનોનો આભાર માન્યો હતો અને હજુ લોક ડાઉન દરમ્યાન ઘરોમાં રહીને આવો ને આવો સાથ સહકાર આપવા માટે નગરજનોને વિનંતી કરી હતી તો પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત દ્વારા મુસ્લીમ સમાજના લોકોનો આભાર સાથે ચાદ મુબારક પાઠવી હતી.

સાબરકાંઠાના આઠ ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ

જિલ્લાના ૨૪૧૪ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ : ૯ મે સુધી ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી શકશે

હિંમતનગર, તા. ૨૭

રાજ્ય સરકાર દ્વારા થોડા સમય અગાઉ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનું નક્કી કર્યુ હતુ પરંતુ કોરોનાને લઈને અમલી બનાવાયેલા લોકડાઉનને લીધે ખરીદીનું કામ મુલત્વી રાખવામાં આવ્યુ હતુ પરંતુ ખેડૂતોની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને રાજ્યના પુરવઠા નિગમ દ્વારા રાજ્યમાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાના કેન્દ્રોનો સોમવારથી પ્રારંભ કરાયો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં નક્કી કરાયેલા આઠ ખરીદ કેન્દ્રો પર ઘઉંની ખરીદી થશે જો કે જિલ્લામાં અત્યાર સુધી ૨૪૧૪ ખેડૂતોએ ટેકાના ભાવે ઘઉં વેચવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. ત્યારે પ્રથમ દિવસે હિંમતનગર ખરીદ કેન્દ્ર પર દસ પૈકી ત્રણ ખેડૂતો ઘઉં વેચવા માટે સોમવારે સવારે આવી ગયા હતા પરંતુ ગમે તે કારણસર ખરીદીનું કામ બે કલાક મોડી શરૂ થઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, તલોદ, સલાલ, ઈડર, વડાલી, જાદર, ખેડબ્રહ્મા, હિંમતનગર સહિતના અન્ય સ્થળે સરકારે ગત વર્ષની જેમ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાના કેન્દ્રો

આ વર્ષે મંજુર કર્યા છે. જ્યાં ઘઉં વેચનાર ખેડૂતને પ્રતિ ૨૦ કિલો ઘઉંનો ભાવ રૂ. ૩૮૫ મુજબ ચૂકવાશે જોકે તેના માટે ઘઉં વેચનાર ખેડૂતને પુરવઠા નિગમ દ્વારા ચેક આપવામાં આવે છે. મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં સોમવાર તા. ૨૭એપ્રિલ સુધીમાં અંદાજે ૨૪૧૪ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

દરમિયાન સોમવારથી શરૂ થયેલી આ ખરીદીની કામગીરી દરમિયાન દરેક ખરીદ કેન્દ્ર પર દસ ખેડૂતોને બોલાવાશે જે મુજબ હિંમતનગરમાં દસ ખેડૂતોને રવિવારે જાણ કરીને સોમવારે ઘઉં વેચવા માટે હિંમતનગરના જીઆઈડીસી નજીક પુરવઠા નિગમે નક્કી કરેલા સ્થળે બોલાવ્યા હતા પરંતુ ગમે તે કારણસર પ્રથમ દિવસે ફક્ત ત્રણ ખેડૂતો પોતાના વાહનોમાં ઘઉં લઈને આવ્યા હતા. પરંતુ ઘઉંની ખરીદી કરનાર સ્ટાફ આવ્યો ન હતો જેથી ખેડૂતોએ કરેલા સંપર્ક બાદ બે કલાક પછી ઘઉંની ખરીદીનું કામ શરૂ કરાયુ હતુ. જોકે આ કામગીરી દરમિયાન ખેડૂતો અને ઉપસ્થિત સ્ટાફે સોશિયલ ડીસ્ટન્સીનો કડક અમલ કર્યો હતો. પુરવઠા નિગમે પ્રતિ ૨૦ કિલોના રૂ. ૩૮૫ મુજબ એક ખેડૂત પાસેથી ૩૦૧૯ કિલો ઘઉં ખરીદવાનું નક્કી કર્યુ છે. દરમિયાન હિંમતનગર તાલુકાના ૨૪૭ ખેડૂતોએ અત્યાર સુધી રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. તેમ છતાં જો કોઈ ખેડૂત ટેકાના ભાવે ઘઉં વેચવા તૈયાર હશે તો તે ખેડૂતે પુરવઠા નિગમના નિયમ મુજબ આગામી તા. ૯મે સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

હિંમતનગર સિવાયના અન્ય ખરીદ કેન્દ્રોમાં પણ દસ ખેડૂતોને દરરોજ બોલાવાશે. ત્યારબાદ ખેડૂતોએ લાવેલા આ ઘઉંની ગુણવત્તાની ચકાસણી કરાયા બાદ નિર્ણય કરવામાં આવશે. પુરવઠા નિગમ દ્વારા મજૂરો તથા ઘઉં ભરવાના બારદાનનો જથ્થો અગાઉથી લાવી દેવામાં આવ્યો છે જો કે તમામ કેન્દ્રો પર માસ્ક તથા ફરજીયાત સોશિયલ ડીસ્ટન્ટ રાખવાનું હોવાથી ખેડૂતોએ પણ તેનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

ખેડબ્રહ્માના વેપારીઓએ લોક હિતમાં સંવ્યંમભુ દુકાનો બંધ રાખવા કર્યો નિર્ણય

ખેડબ્રહ્મા, તા. ૨૭

ગુજરાત સરકાર દ્વારા રવિવારે દુકાનો ખોલવાનુ કહેવમાં આવ્યું હતું જેને લઈને રવિવારે બઝાર ખુલતા બઝારમાં લોકો કામ વગર ફરવા લાગ્યા હતા જેથી ખેડબ્રહ્મા વેપારી મહામંડળ દ્વારા પ્રાંત અધિકારીને જાણ કરી મીંટીંગ ગોઠવવામા આવી હતી, જેમાં વેપારીઓએ સ્વછાએ પોતાની દુકાનો સવારે ૭ થી ૧૨.૩૦ માટે લોકડાઉનના નિયમો મુજબ સોશ્યલ ડિસ્ટન્સનનું પાલન કરી ખુલ્લી રાખવામાં આવશે. આ મિટિંગમાં વેપારી મંડળના મોટાં ભાગનાં વેપારીઓ હાજર રહ્યા.

ડીસામાં પોલીસ સાથે એન. સી.સી. કેડેટ્સ તથા હોમગાર્ડ જવાનો પણ ખડેપગે

ડીસા, તા. ૨૭

ભારતભરમાં આજે કોરોનાએ કહેર મચાવી રાખ્યો છે ત્યારે ભારતમાં લોકડાઉન

જાહેર કરેલ છે અને વધતા જતાં કેસોને લઈ લોકડાઉનની અવધી વધારવામાં આવતા પોલીસનો ઠેર ઠેર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનના પી.આઈ. પટેલ દ્વારા પોલીસ સ્ટાફને મદદરૂપ થવા માટે એન.સી.સી. કેડેટને પણ જુદી જુદી જગ્યાએ બંદોબસ્ત ફાળવેલ જેમાં ડીસા એસ.સી.ડબલ્યુ. હાઈસ્કૂલ ચાર રસ્તા, ભોપાનગર ચાર રસ્તા, સ્ટેટ બેંક, રાજ મંદિર ચાર રસ્તા વગેરે જગ્યાએ એન.સી.સી.ની ૩૫ બીએન (બટાલિયન) પાલનપુર તથા એન.સી.સી. કેડેટ તથા એન.સી.સી. ઓફિસર ભરતસિંહ ખાડેલીયાં દ્વારા પોલીસ પ્રશાશનને મદદરૂપ થવા માટેની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં પી.એસ.આઈ. આર.એમ. ચાવડા અને એન.સી.સી. ઓફિસર ભરતસીંહ બી. ખાડેલિયાના હસ્તે કેડેટને માસ્ક, ગ્લોઝ, સેનીટાઈજર આપવામાં આવ્યા જેમાં નિવૃત્ત એ.એસ.આઈ. ગણેશભાઈ, પો.કો. કરમશિભાઈ જી. દેસાઈ અને પટેલ ભેમજીભાઈ, ઠાકોર રઘુજી, કુંદનબા તથા એલ.આઈ.બી. અધિકારી નરેન્દ્રભાઈ પંડ્યા ખુબજ સુંદર સાથ સહકાર આપી રહ્યા છે અને એન.સી.સી. તથા પોલીસ સ્ટાફની સાથે હોમગાર્ડના જવાનો ખડેપગે સેવા નીભાવી રહ્યા છે. આ સમયે એન.સી.સી. બટાલિયનના સી.ઓ. અમિત પૂર્તિ સરે રૂબરૂ મુલાકાત લઈ કામગીરીની સરાહના કરેલ જેમાં એન.સી.સી. ઓફિસર મુકેશ પઢિયાર હાજર રહેલ.

સાબરકાંઠામાં જાહેરનામાનો ભંગ કરતા ૭૮ લોકોની અટકાયત કરાઈ

હિંમતનગર, તા. ૨૭

કોરોના વાયરસને પગલે સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉન ચાલી રહ્યુ હોવા છતાં લોકો તેનો ભંગ કરીને બહાર ફરવા નિકળી જાય છે. ત્યારે રવિવારે પોલીસતંત્ર દ્વારા જિલ્લાના છ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૭૮ લોકોની અટકાયત કરીને તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાઈ રહી છે.

જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે વહિવટીતંત્ર અને પોલીસ દ્વારા અનેકવિધ પગલા લેવાઈ રહ્યા છે. સાથોસાથ જિલ્લા બહારથી આવતી વ્યક્તિઓને તપાસી લોકડાઉનનો ભંગ કરનારાઓ પર પોલીસ બાજનજર રાખી રહી છે. ત્યારે રવિવારે જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિસ્તારોમાં પોલીસે પેટ્રોલીંગ દરમિયાન જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરનાર ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી તેમની વિરૂદ્ધ છ પોલીસ સ્ટેશનમાં ૫૨ ગુના નોંધવામાં આવ્યા હતા જોકે અટકાયત કરાયેલા વ્યક્તિઓમાં મોટાભાગના વ્યક્તિઓ લોકડાઉનનો ભંગ કરી કામ વગર રખડનારા વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

ધાનેરામાં કોંગ્રેસ સમિતિ દ્વારા ચાલતા રસોડામાં મારવાડી જૈન સમાજ દ્વારા બે લાખ ૧૧ હજાર રૂપિયાનું દાન આપ્યું

કપરા સમયમાં લોકોને ભોજન મળી રહે તેવા હેતુથી સતત એક મહિનાથી ધાનેરા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ હરિસિંગ રાજપૂત જયેશભાઈ સોલંકી વશરામભાઈ ગલચર ઈશ્વરભાઈ ચૌધરી મુમ્તાઝભાઈ રમેશભાઈ તુવર જયંતીભાઈ બોદ્યુ ગોવિંદસિંહ રાજપૂત પ્રકાશભાઈ સુથાર ભરતભાઈ પટેલ મુકેશભાઈ રાવલ સહીત ધાનેરા કોંગ્રેસ સમિતિ દ્વારા રસોડું ચલાવવામાં આવી રહ્યું છે અને સરેરાશ દરરોજના પાંચ હજાર જેટલા લોકોને ભોજન આપવામાં આવી રહ્યું છે તો કેટલાક દાતાઓ દ્વારા રસોડામાં દાન પણ આપવામાં આવે છે. આજે મારવાડી જૈન સમાજ દ્વારા રસોડામાં ૨ લાખ ૧૧ હજાર રૂપિયા દાન આપ્યું હતું અને કોંગ્રેસ સમિતિના કાર્યકર્તાઓ ની કામગીરીને પણ બિરદાવી હતી અને સાથે સાથે અન્ય લોકોને પણ મદદરૂપ થવાની ખાતરી આપી હતી કોંગ્રેસ સમિતિ દ્વારા ચાલતા રસોડામાં અનેક દાતાઓ મદદરૂપ થયા છે ત્યારે આજે મારવાડી જૈન સમાજ દ્વારા ૨ લાખ ૧૧ હજાર આપતા ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા તમામ દાતાઓનો દિલથી આભાર માન્યો હતો.

અરવલ્લીમાં કલેક્ટરના જાહેરનામાનો ઉલાળિયો કરતા કેટલાક વેપારીઓ

પોલીસતંત્ર અને સ્થાનિકતંત્રના આંખ આડે કાન

શનિવારે લોકડાઉન હળવું કરવા અંગે પ્રથમ કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે જાહેરનામાનો ઉલાળિયો જોવા મળ્યો હતો. પોલીસતંત્ર અને સ્થાનિકતંત્ર પણ આંખ આડીન છૂટછાટ આપવામાં આવતા સોમવારે ૩૫ દિવસથી થંભી ગયેલ મોડાસા વેપારીઓ જિલ્લા કલેક્ટરના જાહેરનામાને ઘોળીને પી ગયા હતા. બીજીબાજુ લોકો પણ

જાહેરનામું બહાર પાડ્યા બાદ અરવલ્લી જીલ્લા વહીવટીતંત્રએ જાહેરનામું બહાર પાડવામાં આવતા જેના પગલે સોમવારે સરકારના પરિપત્ર મુજબ ખોલવાની થતી દુકાનો સહીત પ્રતિબંધ હોવા છતાં કપડાં, પગરખાં, વાસણ ભંડાર અને સાડીની દુકાનો પણ ખુલ્લી જોવા મળતા જિલ્લા કલેક્ટરના આડે કાન કરતા કેટલાક વેપારીઓએ નિયમોની ઐસીતૈસી કરતા કોરોનાને ખુલ્લું આમંત્રણ આપી લોકોની જિંદગી સામે જોખમ ઉભી કરી રહેલા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તે ખુબ જરૂરી છે.

રાજ્ય સરકારે અને જિલ્લા વહીવટીતંત્રએ ૨૬ એપ્રિલથી સરકારી નિયમોને શહેર અને અરવલ્લી જિલ્લો પુનઃ ધબકતો થયો હતો. વેપારીઓએ અને લોકોએ છૂટછાટ મળતાની સાથે જ જાણે બિન્દાસ્ત બન્યા હોય તેમ સોશ્યલ ડીસ્ટન્સની પરવા કર્યા વગર ફરતા અને ડબલ સવારી બાઈક ચાલકો રખડતા જોવા મળ્યા હતા.

મોડાસા અને મેઘરજનગરમાં કેટલાક કોરોના સામે સભાન ન હોય તેમ બજારમાં ઉમટી પડતા અનેક વિસ્તારોમાં ભીડ જોવા મળી હતી.

બેંક, એલઆઈસી અને એટીએમમાં સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યા હતા, પોલીસ અને સ્થાનિક પ્રશાસનતંત્રને સરકારના પરીપત્રનું ઉલ્લઘન કરી દુકાનો અને શો રૂમ ખુલ્લા રાખી તંત્રને ચેલેન્જ આપી રહ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. મોડાસા સહીત જીલ્લામાં માસ્ક કે મોઢા પર કપડું બાંધવાનું ફરજીયાત હોવા છતાં લોકો મોઢું ખુલ્લું રાખી ખરીદી કરવા ઉમટ્યા હતા, ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટા ભાગની દુકાનો ખુલી હતી.

અરવલ્લી જિલ્લામાં જપ્ત કરાયેલા ૫૨૨ વાહનો પૈકી ૪૯૬ વાહનો મુક્ત કરાયા

કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા તેમજ લોકડાઉનના ચુસ્ત અમલ માટે અરવલ્લી પોલીસ અધિક્ષક મયુર પાટીલના માર્ગદર્શન અનુસાર પોલીસતંત્ર અરવલ્લી જિલ્લાની પરિસ્થિતિ પર બાજ નજર રાખી વ્યાપક કામગીરી કરી રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ગત ૨૩ માર્ચથી અમલી કરાયેલા લોકડાઉન ચુસ્ત અમલ દરમિયાન પણ કેટલાક વાહનચાલકો બિનજરૂરી બહાના રજૂ કરી બજારમાં ફરતા હતા જેમની સામે પોલીસતંત્રએ લાલ આંખ કરી આવા વાહનચાલકો સામે કડક હાથે કાર્યવાહિ હાથ ધરી વાહનો જપ્ત કર્યા હતા. જે અન્વયે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૫૨૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. તેમાંથી ૪૯૬ વાહનચાલકોએ પોતાના વાહનો મુક્ત કરાવ્યા છે. જયારે હવે માત્ર ૨૬ વાહનો જ પોલીસના કબ્જા હેઠળ છે.

ધનસુરાના યુવાનો અને બાળકો દ્વારા કોરોનાને હરાવવા અનોખી રીતે જનજાગૃતિ સંદેશ

અરવલ્લી જિલ્લાના ધનસુરાના યુવાનો અને બાળકોએ જુદા જુદા પોસ્ટર ધ્વારા કોરોનાને હરાવવા અનોખી રીતે જનજાગૃતિ સંદેશ આપ્યો હતો. જેમાં Stay Home,Stay Safe, Keep Distance, Help Poor People, જાહેર સ્થળો પર જવાનું ટાળવું, હંમેશાં માસ્કનો ઉપયોગ કરવો, અંતર જાળવવું, ઘરે રહેવું, હાથની સાફ સફાઈ કરવી જેવી મહત્વની બાબતોના પોસ્ટર બનાવી એક ફોટો ફ્રેમ બનાવી હતી અને સંદેશો આપ્યો હતો.

પ્રાંતિજ મોયદ સ્વામિનારાયણ મંદિર દ્વારા પોલીસ માટે ભોજન વ્યવસ્થા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ સ્વામિનારાયણ મંદિરના સ્વામી ગોપાલદાસના માર્ગદર્શન હેઠળ દિનેશ ભગત તથા યુવક મંડળ દ્વારા કોરોનાની મહામારી વચ્ચે પોતાની ફરજ બજાવતા પોલીસ જવાનો માટેની સવાર સાંજના ભોજનની વ્યવસ્થા તથા વહેલી સવારે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. હાલ કોરોનાના વાયરસને લઈને પ્રાંતિજના મોયદ તથા સાંપડ ગામેથી એક-એક એમ બે કેસો મળી આવતાં તંત્ર પણ હરકતમા આવી ગયું છે અને આરોગ્ય સહિત પોલીસ ટીમને ગોઠવી દેવામાં આવ્યો હતો ત્યારે પ્રાંતિજ તાલુકા મોયદ ખાતે આવેલ શ્રી સ્વામીનારાયણ મંદિરના મંહત ગોપાલજીવનદાસના માર્ગદર્શન હેઠળ દિનેશ ભગત તથા યુવક મંડળ દ્વારા મોયદ ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ધાનેરા નગરપાલિકાની ટીમ દ્વારા દુકાનો પર તપાસ હાથ ધરાઈ

અત્યારે સરકાર લોકડાઉન હળવું કરવામાં આવ્યું છે અને કેટલીક ધંધા-રોજગાર ના વેપારીઓને છૂટ આપવામાં આવી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ કેટલાક વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર શરૂ કર્યા હતા સરકારે કેટલાક વેપારીઓ અને કેટલાક પ્રકારની છૂટછાટ આપવામાં આવી છે પરંતુ કેટલીક શરતોને આધીન આ છૂટછાટ આપવામાં આવી છે ત્યારે આજે ધાનેરા નગરપાલિકા દ્વારા તમામ દુકાનો પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.વેપારીઓ આ તમામ વસ્તુઓ નું ધ્યાન રાખે છે કે પછી નહીં દુકાન પર આવતા લોકો સોશિયલ ડિસટન્સ એને સેનિટાઇઝર નો ઉપયોગ તેમજ વધુ પડતા લોકો ભેગા થાય તે બધી બાબતોને ધ્યાનમાં રાખી ધંધો-રોજગાર શરૂ કરવા માટે તંત્ર દ્વારા જ છૂટ આપવામાં આવી છે તો આ નિયમોનું પાલન થાય છે કે નહીં તેને લઈ નગર પાલિકાની ટીમે આજે તપાસ હાથ ધરી હતી.